| PUBLICATION NAME : | Divya Gujarat |
| --- | --- |
| EDITION : | Ahmedabad |
| DATE : | 05/08/2023 |
| PAGE : | 3 |

# આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ ૨૨માં દિક્ષાંત સમારોહનું આયોજન કર્યું




ભારત સરકારના કૌશલ્ય વિકાસ અને ઉદ્યોગ સાહસિકતા મંત્રાલય તરફથી સેન્ટર ઓફ એક્સલન્સની માન્યતા ધરાવતા આંત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ)એ શુક્રવારે તેના ૨૨માં દિક્ષાંત સમારોહનું આયોજન કર્યુંહતું. આ પ્રસંગે ૫૪ વિદ્યાર્થીઓને ડિપ્લોમા અને ફેલો પદવી એનાયત કરાઈ હતી, જેમાં પોસ્ટગ્રેજ્યુએટ ડિપ્લોમાના ૫૨ અને મેનેજમેન્ટના બે ફેલો સામેલ છે. તમિળનાડુના માનનીય રાજ્યપાલ શ્રી આરએન રવિ મુખ્ય અતિથિ તરીકે ભવ્ય સમારોહમાં ઉપસ્થિત રહ્યાં હતાં. શ્રી રવિએ ગ્રેજ્યુએટ થયેલાં વિદ્યાર્થીઓને શૈક્ષણિક પદકો એનાયત કર્યાં હતાં તથા દિક્ષાંત સંબોધન કર્યું હતું.

ઈડીઆઈઆઈના ડાયરેક્ટર જનરલ ડો. સુનિલ શુક્લાએ માનનીય રાજ્યપાલ અને મહેમાનોનું સ્વાગત કર્યું હતું. તેમણે શિક્ષણ, સંશોધન, તાલીમ, એમએસએમઈ, ઈનોવેશન અને સર્વાંગી વિકાસ ક્ષેત્રે ૪૦ વર્ષ દરમિયાન ઈડીઆઈઆઈના કાર્યની રૂપરેખા આપી હતી. ડો. શુક્લાએ સરકારી મંત્રાલયો અને વિભાગો તથા જાણીતા કોર્પોરેટ્સના સહયોગથી નીતિ ઘડતરના ક્ષેત્રોમાં ઈડીઆઈઆઈની સિદ્ધિઓ વિશે વાત કરી હતી, જેનાથી ઉદ્યોગોની સ્થાપના, આવક અને રોજગાર સર્જન થયું છે.

આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ શ્રી આરએન રવિએ ગ્રેજ્યુએટ થનાર વિદ્યાર્થીઓને અભિનંદન આપ્યાં હતાં તથા વર્તમાન સમયમાં તેમના માટે ઉપલબ્ધ અપાર તકો હાઈલાઈટ કરી હતી. તેમણે કહ્યું હતું કે, "તમે એવાં સમયે ગ્રેજ્યુએટ થઈ રહ્યાં છો કે જ્યારે દેશ મોટાપાયે ક્રાંતિકારી બદલાવમાંથી પસાર થઈ રહ્યો છે. વર્તમાન યુગ દરેક વ્યક્તિ માટે અપાર તકોનું સર્જન કરી રહ્યો છે.